**અમદાવાદના મહે.ત્રીજા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ ામ્ય),મિરઝાપુર**

**ફોજદારી કેસ નંબર – ૫૬૪૭/૨૦૧૯**

**આંક:–૧૨**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુદધ//**

આરોપી :– રેખાબેન રામઅવતારસિંહ ભદોરીયા

બાબત :– ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫ એ એ

---

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫ એ એ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આ કામે આરોપીનાઓ અગાઉ હાજર થયેલા અને મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીનાઓએ તહોમતનામું ફરમાવેલ અને તે સબબની પ્લીમાં સદર આરોપીએ ગનો કબુલ નથી તેવું જણાવેલ. આજ રોજ આરોપીએ પુરસીસ આપી જાહેર કરેલ છે કે તેઓ હવે ગુનો કબુલ કરવા ઈચ્છે છે. આ કામ સમગ્ર રેકર્ડ જોવામાં આવે તો આરોપી તહોમતનામા વખતેના સ્ટેજ સમયે ગુનો કબુલ કરેલ નહી અને ત્યારબાદના સ્ટેમાં સદર આરોપી ગુનો પુરસીસ આપી કબુલ કરે છે. નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સુખદેવસિંહ તથા અન્ય (૧૯૯૨) ૩ એસ.સી.સી.૭૦૦ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી કોઈપણ સ્ટેજે ગુનો કબુલ કરી શકે. આરોપીનાઓએ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**// હુ ક મ//**

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫ એ એ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપી ને રૂપિયા ૨૦૦/– (શબ્દોમા બસો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.મુદ્દામાલ અંગે જો કોઈ અગાઉ હુકમ થયેલ હોઈ તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાયનો મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૬ મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એમ.એસ.અમલાણી)

તારીખઃ– ૨૬/૦૬/૨૦૨૨ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય) અમદાવાદ(ગ્રામ્ય)

U.I.CODE GJ 01388